# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૯૩ તા. ૨૦-૧૦-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિ.શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે રાજયભરની તમામ પ્રાથમિક શાળાઓનું મહાત્માગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત રાજયની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ તથા બાળકોને આ અભિયાન માં સામેલ કરવાના હેતુથી રાજ્યભરની તમામ પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા અભિયાન ચલાવીને શાળાઓ સ્વચ્છ રાખવા સારૂ સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતા  માટેના સાધનો ખરીદવા માટે નિયામક શ્રી પ્રાથમિક શિક્ષણ અંતર્ગત ૨૦૧૫-૧૬ સ્વચ્છતા કીટ ખરીદવા બીન આદીજાતિ વિસ્તાર, આદીજાતિ વિસ્તાર અને ખાસ અંગભૂત વિસ્તાર માટે લોઅરપ્રાયમરી શાળાઓમાટે ૨૪૦૦રૂ. અને અપરપ્રાયમરી શાળાઓ માટે ૪૮૦૦રૂ. ની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલી છે. જે શાળાની SMC માં ફાળવવામાં આવનાર છે. જે માટેની સ્વચ્છતા  કીટમાં નીચે મુજબની વસ્તુઓને સમાવેશ થાય છે.

| ક્રમ | લોઅર પ્રાયમરી | અપર પ્રાયમરી |
|---|---|---|
| ૧ | ડસ્ટબીન-૨ નંગ(૪૦ લીટર પ્રતિ નંગ) | ડસ્ટબીન-૪ નંગ(૪૦ લીટર પ્રતિ નંગ) |
| ૨ | સાવરણા નંગ-૨ (૩૫૦ થી ૪૦૦ ગ્રામ પ્રતિ નંગ) | સાવરણા નંગ-૪ (૩૫૦ થી ૪૦૦ ગ્રામ પ્રતિ નંગ) |
| ૩ | સાવરણા નંગ-૨ (૨૫૦ થી ૩૦૦ ગ્રામ પ્રતિ નંગ) | સાવરણા નંગ-૪ (૨૫૦ થી ૩૦૦ ગ્રામ પ્રતિ નંગ) |
| ૪ | ઉભા ઝાડુ નંગ-૨ | ઉભા ઝાડુ નંગ-૪ |
| ૫ | પોતા નંગ-૨ | પોતા નંગ- ૪ |
| ૬ | ડોલ નંગ-૨ (૨૦ લીટર  પ્રતિ નંગ) | ડોલ નંગ-૪ (૨૦ લીટર  પ્રતિ નંગ) |
| ૭ | સુપડી - ૨ નંગ | સુપડી - ૪ નંગ |

શાળાએ સ્વછતા કીટની વસ્તુઓ ખરીદવા નીચેની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) સ્વચ્છતા કીટ એસ.એમ.સી.કક્ષાએ ખરીદવાની હોવાથી એસ.એમ.સી. ની બેઠક બોલાવી ઠરાવ કરવાનો રહેશે. એસ.એમ.સી.દ્વારા જ ખરીદી કરવી. ખરીદી સી.આર.સી.કક્ષા,બી.આર.સી.કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ કરવાની રહેતી નથી. સામૂહિક ખરીદી કરી શકાશે નહિં. આ બાબતો નો  ચૂસ્ત અમલ કરવાનો રહેશે.

(૨) આ યોજના હેઠડ લોઅર પ્રાયમરી શાળાને રૂ.૨૪૦૦ અને અપર પ્રાયમરી શાળાને રૂ.૪૮૦૦ સ્વચ્છતા કીટ માટે ફાળવેલ ગ્રાન્ટમાંથી અન્ય હેતુ માટે કોઈ ખર્ચ કરી શકશે નહિ.

(૩) સદરહુ ખર્ચ અત્રેથી ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ યોજના હેઠડ ખરીદી કરવામાં આવેલ તે સાધન સામગ્રી યોગ્ય ગુણવત્તા વાળી અને સારી બ્રાન્ડની ખરીદવાની રહેશે. ખરીદ પ્રક્રિયા અને ખરીદેલ સાધનોનું સી.આર.સી., યુ.આર.સી, બી.આર.પી, સુપર વાઈઝર અને આ.એ.ઓ.ની મુલાકાત દરમિયાન મોનીટરીંગ કરવાનુ રહેશે. અને નિયમ પ્રમાણપત્ર સી.આર.સી.દ્વારા યુ.આર.સી.કો.ઓર્ડિનેટર ને નિયત સમયમાં આપવાનું રહેશે.

(૫) આ અંગેની ખરીદી સરકાર માન્ય પધ્ધતિ અનુસાર,સરકાર માન્ય સંસ્થા કે સ્થાનિક વિક્રેતા મારફતે કરવાની રહેશે.

(૬) આ ગ્રાન્ટ ની રકમ જે હેતુ માટે આપવામાં આવી છે. તે જ હેતુ માટે વાપરવાની રહેશે.ગ્રાન્ટ વપરાશની પ્રગતિની વિગતો રજૂ કરવાની રહેશે.

(૭) આ અંગેના ખર્ચ રાજય સરકારના વખતોવખતના લાગુ પડતા કરારો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇ મુજબ નિયત પધ્ધિતથી કરવાનો રહેશે.

(૮) ખર્ચ અંગે નાણાંકીય સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૯) આ ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદી અંગેની નિતીનું તથા વખતો વખત પરિપત્રોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અંતર્ગત શાળા સ્વચ્છતા કીટ્ની ફાળવેલ ગ્રાન્ટ કરતા ખર્ચ ઓછો થાય તો બચત રહેતી રકમનો અન્ય હેતું માટે ઉપયોગ કરવો નહી.

(૧૧) આ યોજના અંતર્ગત શાળા સ્વચ્છ્તા કીટની ફાળવેલ ગ્રાન્ટ ઉપયોગ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ ના વર્ષ માટે જ કરવાનો રહેશે.

(૧૨) આ અંગેનો ખર્ચ ઓડિટ ને આધીન રહેશે.

(૧૩) ગ્રાન્ટ વપરાશનું નિયત પ્રમાણપત્ર (યુ.ટી.સી) સમયસર મુખ્યશિક્ષકએ મોકલી આપવાનું રહેશે.

(૧૪) દરેક મુખ્યશિક્ષક, શિક્ષક, વાલીઓ .એસ.એમ.સી સભ્યો અને સ્વચ્છતાબિગ્રેડ દ્વારા શાળા પરિસર સ્વચ્છ રહે તેની કાળજી રાખવી.

તા.૨૦-૧૦-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૯૪ તા. ૨૦-૧૦-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :– શાળા સ્વચ્છતા કેમ્પેઈનની ઉજવણી બાબત...**

**સંદર્ભ :– એસ.એસ.એ. / સીવીલ/૨૦૧૫ /૪૧૮૦૧–૮૩૭ તા.૭/૧૦/૨૦૧૫.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓ જણાવવાનું કે રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ થઈ રહી છે. તા.૩૦/૧૦/૨૦૧૫ સુધી તમામ શાળાઓમાં '' શાળા સ્વચ્છતા કેમ્પેઈન'' ની ઉજવણી કરવાની થાય છે. જેમાં શાળાના વર્ગખંડો, લાઈબ્રેરી, લેબોરેટરી, સેનીટેશન, પ્લે ગ્રાઉન્ડ, મેદાન, ટેરેસ વગેરેની સફાઈ કરવી તથા શિક્ષકો ધ્વારા બાળકોમાં પાણી શૌચાલય અને સ્વચ્છતા વિશે આદતો કેળવાય તેવી પ્રવૃતિઓનું આયોજન કરવાનું થાય છે.આ પ્રવૃતિઓમાં એસ.એસ.એ. પ્રોજેકટ સ્ટાફ, સી.આર.સી. કો–ઓર્ડિનેટર, યુ.આર.સી. કો–ઓર્ડિનેટર, સુપરવાઈઝરશ્રીઓ, મદદનીશ શાસનાધિકારીશ્રીઓ અને એસ.એમ.સી.ના સભ્યોને જોડવાના રહેશે.

| અ.નં. | શાળા સ્વચ્છતા કેમ્પેઈન અંતર્ગત કરવાની થતી પ્રવૃતિ |
|---|---|
| ૧ | દરેક શાળામાં તા.૩૦/૧૦/૨૦૧૫ સુધીમાં બાળસંસદની રચના કરવી. શાળા કક્ષાને બાળસંસદ ધ્વારા આ સ્વચ્છતા ઝુંબેશને સુપરવાઈઝ અને મોનીટર કરવામાં આવે તે રીતે આયોજન કરવું. |
| ૨ | બાળકો ધ્વારા દરરોજ પ્રાર્થના સભામાં શાળા સ્વચ્છતા અંગેના વિવિધ વિષયો ઉપર સ્પીચ રજૂ કરવામાં આવે જેમાં ખાસ કરીને મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા વિશેના વિચારો અને મંતવ્યોનો સમાવેશ કરવો. |
| ૩ | શિક્ષકો ધ્વારા બાળકોને શૌચાલયના યોગ્ય ઉપયોગ વિશે નિદર્શન કરાવવું. |
| ૪ | શિક્ષકો ધ્વારા બાળકોમાં શૌચાલયના ઉપયોગ વિશે આદત કેળવાય તેવા પ્રયત્ન કરવા. |
| ૫ | સાબુ સાથેની હાથ ધોવાની સુવિધા ઉભી કરવી. નીચે દર્શાવ્યા મુજબની કોઈપણ એક સુવિધા શાળાની સ્થિતીને ધ્યાને રાખીન ઉભી કરી શકાય.<br>૧. બાળકોની સંખ્યા પ્રમાણે ડોલ, ટમ્બલર તથા સાબુની વ્યવસ્થા કરવી.<br>૨. પીવાના પાણી માટે ઉપયોગમાં ન લેવાતી હોય તેવી ટાંકીને હાથ ધોવાના સ્ટેન્ડ તરીકે ઉપયોગ કરવો. |
| ૬ | મધ્યાહન ભોજન જમતાં પહેલાં શાળાના બધા બાળકો સાબુથી હાથ ધોવે તે આચાર્યશ્રી અને મધ્યાહન ભોજન સંચાલક ધ્વારા સુનિશ્ચિત કરવું. |
| ૭ | શાળા કક્ષાએ '' સાબુ ગ્રાન્ટ'' નો યોગ્ય ઉપયોગ કરવો.<br>(૪૦ બાળકો દીઠ ૨ નંગ સાબુના રૂા.૨૪ લેખે શાળામાં સાબુ ઉપલબ્ધ કરવા) |
| ૮ | શાળા કક્ષાએ '' સ્વચ્છતા કીટ'' નો યોગ્ય ઉપયોગ કરવો.<br>(સર્વ શિક્ષા અભિયાનના તા.૩૦.૭.૨૦૧૫ ના પરીપત્ર મુજબ સ્વચ્છતા કીટ અંતર્ગત વાર્ષિક લોઅર પ્રાઈમરી શાળાને રૂા.૨,૪૦૦/– અને અપર પ્રાઈમરી શાળાને રૂા.૪,૮૦૦/– જરૂરી સ્વચ્છતા સાધન સામગ્રી જેમાં ડસ્ટબીન, પોતા, સાવરણા, સાવરણી, સુપડી, ડોલ વગેરે ઉપલબ્ધ હોવી.) |
| ૯ | શાળા કક્ષાએ '' સ્વચ્છતા ગ્રાન્ટ'' નો યોગ્ય ઉપયોગ કરવો.<br>(શાળા દિઠ માસિક રૂા.૧,૮૦૦/– સ્વચ્છતા ગ્રાન્ટ તરીકે આપવામાં આવે છે જેમાં ૧.સફાઈ માટે મહેનતાણાંથી એક માણસ રોકેલ હોય અને ૨.સ્વચ્છતા વિષયક સાધન સામગ્રી લાવવી જેમાં ફીનાઈલ, કપૂરની ગોળીઓ, સેનીટેશન યુનીટ માટેના બ્રશ, ડોલ, સાવરણા વગેરે ઉપલબ્ધ હોય.) |
| ૧૦ | બાળકો મધ્યાહન ભોજન જમતા હોય તે સ્થળને સ્વચ્છ રાખવી. |
| ૧૧ | શાળાના બગીચાની સ્વચ્છતા અને જાળવણી કરવી. |
| ૧૨ | વર્ગખંડ, લેબોટરી, લાઈબ્રેરી વગેરેની સ્વચ્છતા કરવી. |
| ૧૩ | લોબી અને શાળાનું કેમ્પસ સ્વચ્છ કરવું. |
| ૧૪ | શૌચાલય અને પીવાના પાણીની સ્વચ્છતા કરવી. |
| ૧૫ | સ્વચ્છતાની થીમ પર રમતગમત અને એથ્લેટીકસ પ્રવૃતિઓનું આયોજન કરવું. |
| ૧૬ | શૌચાલયની થીમ પર વાર્તા અને કવિતા કોમ્પીટેશનનું આયોજન કરવું. |
| ૧૭ | સ્વચ્છતાની થીમ પર વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવું. જેમાં નુકકડ નાટક, કોમ્પીટીશન, પપેટ શો, સીવીંગ કોમ્પીટીશન વગેરે પ્રવૃતિઓ કરવી. |
| ૧૮ | સ્વચ્છતા વિષયક આદતો વિશે ચિત્ર સ્પર્ધા, નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધા વગેરે પ્રવૃતિઓનું આયોજન કરવું. |

શાળા કક્ષાએ ઉપરોકત પ્રવૃતિઓની ઉજવણી શકય હોય ત્યાં અભ્યાસક્રમ સાથે જોડીને કરવી શાળા સ્વચ્છતા કેમ્પેઈનની ઉજવણી પૂર્ણ થયા બાદ નવેમ્બર માસના પ્રથમ સપ્તાહમાં કેમ્પેઈનની અસરકારકતા વિશે મોનીટરીંગ કરવામાં આવશે. શાળા સ્વચ્છતા કેમ્પેઈન ઉજવણીનો ફોટો સાથેનો અહેવાલ શાળા કક્ષાએ રાખવાનો રહેશે.

તા.૨૦-૧૦-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૫ તા. ૨૦-૧૦-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-મ્યુનિ. શાળાના તમામ વિદ્યાર્થીઓનાં બેંક એકાઉન્ટ ખોલવા બાબત**

**સંદર્ભ :-જિ.ના.નિ./વિ.જા./૨૦૧૫-૧૬ -૨૯૯૩૯ થી ૯૫૧ તા.૧૭-૧૦-૧૫**

આથી તમામ શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે આપની શાળામાં અભ્યાસ કરતા વર્ષ ૨૦૧૫-૧૬ માટે સા.શૈ.પ.વ.,વિ.વિ.જાતિ, આર્થિક પછાત વર્ગ, બિન અનામત, તેમજ લઘુમતિ જાતિના વિદ્યાર્થીઓની બેંક ખાતાની માહિતી આ સાથે આપેલ નમુના મુજબના પત્રકમાં (કોમ્પ્યુટરમાં) શ્રુતિ ફોન્ટ સાઈઝ-૧૨માં તૈયાર કરી તેની હાર્ડ કોપી તથા સોફ્ટ કોપી તાત્કાલિક દિન-૧માં તૈયાર કરી મુખ્ય ઓફિસ સ્કોલરશીપ વિભાગમાં રૂબરૂ મળે તે રીતે મોકલી આપશો. તમે જાણો છો તે મુજબ ''મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના'' અંતર્ગત ધો.૧ થી ૮ના તમામ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ,ગણવેશ સહાય તેમ જ પાઠ્યપુસ્તકો આપવામાં આવનાર છે. જે વિદ્યાર્થીઓના ખાતાં ખોલાવેલ ન હોય તેવા વિદ્યાર્થીના ખાતા ખોલવા માટે સુપરવાઈઝરશ્રીને અત્રેથી આપવામાં આવેલ ફોન નંબર ઉપરથી બેંકમાં ખાતાં ખોલી શકાશે. વિદ્યાર્થીઓની માહિતી જાતિવાર અલગ અલગ બનાવવાની છે જેમ કે સા.શૈ.પ.વ.ના બાળકોની અલગ ફાઈલ વિચરતી વિમુકત જાતીના બાળકોની અલગ ફાઈલ, આર્થિક પછાત વર્ગના બાળકોની અલગ ફાઈલ, બિન અનામત બાળકોની અલગ ફાઈલ તેમજ લઘુમતિ જાતીના બાળકોની અલગ ફાઈલ એકજ સીડીમાં પાર્ટ પાડીને બનાવવી તેમજ હાર્ડ કોપી પણ તે રીતે તૈયાર કરવી. સીડી ઉપર શાળાનું નામ આચાર્યશ્રીનો મો.નંબર બાળકોની કુલ સંખ્યા માર્કરપેનથી અવશ્ય લખવા તેમજ જે વિદ્યાર્થીનું ખાતુ ન હોય પણ તેના માતા પિતા વાલી અથવા પાલકના ખાતામાં બાળકનું નામ હોય તેવા કિસ્સામાં તેના માતા પિતા વાલીનો ખાતા નંબર લખવો. જે કિસ્સામાં વિદ્યાર્થીના અને માતા/પિતા/વાલી/પાલકના સંયુક્ત ખાતા ખોલવામાં પણ વિલંબ થાય તેમ હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીના માતા/પિતા/વાલી કે કાયદેસરના પાલકના બેંક ખાતાનો નંબર લખવો. આ કામગીરીની અગત્યતાને ધ્યાને લઈ માહિતી મોકલી આપવી.

તા.૨૦-૧૦-૧૫ — શાસનાધિકારી

### પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતાં સા. શૈ. પ.વ વર્ગ /બિન અનામત આર્થિક પછાત વર્ગ / લઘુમતી / વિચરતી વિમુક્ત તેમજ અતિપછાત વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય જમા કરાવવા માટે બેંક ખાતાની વિગત દર્શાવતું નમૂના પત્રક

વર્ષ :૨૦૧૫-૧૬

જાતિ:

પે સેન્ટરનું નામ સરનામું
આચાર્યશ્રીનું નામ
આચાર્યશ્રીનો મોબાઇલ નં.

પેટાશાળાનું નામ / સરનામું
આચાર્યશ્રીનું નામ
આચાર્યશ્રીનો મોબાઇલ નં.

| ક્રમ | વિદ્યાર્થીનું પિતા સાથેનું પૂરૂં નામ | જી.આર. નંબર | જાતિ | ધોરણ | બેંક ખાતાની વિગત | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | બેંકનું નામ | શાખાનું નામ | બેંક ખાતા નં. | IFSC CODE | ખાતા ધારકનું પૂરૂં નામ | ખાતાધારક સાથે વિદ્યાર્થીનો સંબંધ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | |
| ૫ | | | | | | | | | | |

આચાર્યની સહી અને સિક્કો

નોંધ શ્રુતિ ફોન્ટ (સાઇઝ-૧૨ માં) જાતિવાર અલગ અલગ પત્રક તૈયાર કરવા.